ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ અ, ગાંધીનગર ૩૮૨૦૧૦
ફોન : (૦૭૯) ૨૩૨૨૨૦૯૬ ફેક્સ (૦૭૯) ૨૩૨૨૨૭૫૬

# વ્હિસલ બ્લોઅર યોજના

ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયની પર્યાવરણ નીતિ (ઍન્વિરોન્મેન્ટલ પૉલિસી)માં પણ પ્રદૂષણ નિયંત્રણ કામગીરીમાં લોકભાગીદારીનો અભિગમ અપનાવવાની બાબતને આવરી લેવામાં આવી છે. સાથોસાથ, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પણ વ્હિસલ બ્લોઅર એટલે કે, સાવચેતની સિટી બજાવનાર નાગરિકોનું હિત જાળવવા તથા તેઓની ઓળખને અતિગુપ્ત રાખવા માટે પણ અગાઉ આદેશ આપવા આપવામાં આવ્યો છે. જેના અમલીકરણના ભાગરૂપે જીપીસીબી દ્વારા પણ વર્ષ ૨૦૦૬માં પ્રદૂષણ નિયંત્રણ માટે વ્હિસલ બ્લોઅર યોજના તૈયાર કરીને અમલમાં મૂકવામાં આવી છે. આ બાબતે જે તે સમયગાળામાં રાજ્યના માહિતીખાતા મારફતે અખબારી યાદી તેમજ જાહેરસૂચના પણ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

આ બોર્ડ દ્વારા પ્રદૂષણ નિયંત્રણની કામગીરીમાં સમયાંતરે મળી રહેલા જાગૃત નાગરિકોના રચનાત્મક સહયોગને વેગવંતો બનાવવાના ભાગરૂપે પ્રદૂષણ નિયંત્રણ માટે વ્હિસલ બ્લોઅર યોજના, એટલે કે, સાવચેતની સિટી બજાવનારને વિશેષ કિસ્સામાં પુરસ્કાર પ્રદાન કરવાની ચાલુ યોજના પરત્વે સર્વ પર્યાવરણ પ્રેમીઓનું પુન: ધ્યાન દોરવામાં આવે છે.

આ યોજના હેઠળ, ખાસ કરીને કાયદાના અનુપાલનમાં ક્યારેક ગેરશિસ્ત વર્તતા કેટલાંક કારખાના કે એકમો દ્વારા ઔદ્યોગિક ગંદાપાણીનો ટેન્કર મારફતે ગેરકાયદેસર ગમે ત્યાં નિકાલ કરવાની સચોટ માહિતી આ બોર્ડના તકેદારી સેલના સંબંધિત અધિકારીને (મોબાઈલ :૯૮૨૫૦૪૯૪૫૮) કે બોર્ડની નજીકની પ્રાદેશિક કચેરીના પ્રાદેશિક અધિકારીને, જે કોઈ વ્યક્તિ વિગતો આપે, તેવી વ્યક્તિને આ બોર્ડની સંબંધિત કચેરી મારફતે યોગ્ય રોકડ પુરસ્કાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ બોર્ડની વેબ સાઈટ- gpcb.gov.in પર પણ વ્હિસલ બ્લોઅર યોજનાની વિગતો પ્રદર્શિત કરવામાં આવી છે.

સ્થળ:ગાંધીનગર
તા.૧૮.૭.૨૦૦૮

**સંજીવ ત્યાગી**
સભ્ય સચિવ

# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું મુખ્ય કાર્યાલય તેમજ પ્રાદેશિક કચેરીઓ તથા કાર્યક્ષેત્રના જિલ્લાઓ

મુખ્ય કાર્યાલય — ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ અ, ગાંધીનગર ૩૮૨૦૧૦ ફોન: ૦૭૯-૨૩૨૨૨૦૯૬, ફેક્સ : ૦૭૯-૨૩૨૩૨૧૫૬
Website: www.gpcb.gov.in E-mail: ms-gpcb@gujarat.gov.in

પ્રાદેશિક કચેરીઓ:

| ક્રમ | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ | કાર્યક્ષેત્રના જિલ્લાઓ |
|---|---|---|
| ૧. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>ઈઆરઆઈ કમ્પાઉન્ડ, રેસકોર્સ રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭ ફોન : (૦૨૬૫) ૨૩૫૪૮૫૦, ૨૩૩૧૯૨૮ ફેક્સ : (૦૨૬૫) ૨૩૩૯૨૦૫ E-mail: gpcb-vad@gujarat.gov.in | વડોદરા, આણંદ અને ખેડા |
| ૨. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>શેડ સી-૧, ૧૯૯/૩, જીઆઈડીસી એસ્ટેટ, નર્મદાનગર, ભરૂચ ૩૯૨ ૦૧૫ ફોન: (૦૨૬૪૨) ૨૪૬૩૩૩, ૨૪૮૬૬૫ ફેક્સ: (૦૨૬૪૨) ૨૪૬૩૪૫ E-mail: gpcb-bha@gujarat.gov.in | ભરૂચ અને નર્મદા |
| ૩. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>બૅલ્જિયમ સ્ક્વૅર, સિલ્વર પ્લાઝા કૉમ્પ્લેક્ષ, રીંગ રોડ, સુરત ૩૯૫ ૦૦૩ ફોન : (૦૨૬૧) ૨૪૪૨૬૯૬, ૨૪૧૧૧૯૨ ફેક્સ : (૦૨૬૧) ૨૪૨૯૭૩૩ E-mail: gpcb-sur@gujarat.gov.in | સુરત, નવસારી અને તાપી |
| ૪. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>શેડ સી-૫/૧૨૪, વાપી જીઆઈડીસી, હોટલ પ્રિતમ પાસે, વાપી જિ. વલસાડ ૩૯૬ ૧૯૫<br>ફોન : (૦૨૬૦) ૨૪૩૨૦૮૯,૨૪૨૬૨૦૭ Fax: (૦૨૬૦) ૨૪૩૨૮૨૬<br>E-mail: gpcb-val@gujarat.gov.in | વલસાડ અને ડાંગ |
| ૫. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>હોટલ દ્રુકેશ પાસે, રેસકોર્સ, રીંગ રોડ, રાજકોટ ૩૬૦ ૦૦૧ ફોન: (૦૨૮૧) ૨૪૭૪૫૨૪, ૨૪૫૯૮૩૧<br>ફેક્સ : (૦૨૮૧) ૨૪૫૨૧૮૯ E-mail: gpcb-raj@gujarat.gov.in | રાજકોટ, સુરેન્દ્રનગર અને જૂનાગઢ |
| ૬. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>સરદાર પટેલ વાણિજ્ય સંકૂલ, રામેશ્વરનગર, કસ્તુરબા ગાંધી વિકાસ ગૃહ માર્ગ, બેડી બંદર માર્ગ, જામનગર ૩૬૮ ૦૦૮ ફોન : (૦૨૮૮) ૨૭૫૨૩૬૬ ફેક્સ : (૦૨૮૮) ૨૭૫૩૫૪૦<br>E-mail: gpcb-jam@gujarat.gov.in | જામનગર, પોરબંદર અને કચ્છ |
| ૭. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>૪૦, શ્રીમાળી સોસાયટી, નેપ્ચ્યુન હાઉસ ૨, નવરંગપુરા રેલ્વે ક્રોસિંગ પાસે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯<br>ફોન : (૦૭૯) ૨૬૪૬૦૦૮૯, ૨૬૪૬૦૦૮૬ ફેક્સ : (૦૭૯) ૨૬૪૬૦૧૨૦<br>E-mail: gpcb-ahd@gujarat.gov.in | અમદાવાદ |
| ૮. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>૧૮, શાંતિનાથ સોસાયટી, સીમંધર જૈન મંદિર પાછળ, બી.કે. સીનેમા માર્ગ, મહેસાણા ૩૮૯૦૦૧<br>ફોન : (૦૨૭૬૨) ૨૫૮૨૯૪ Tel/ ફેક્સ : (૦૨૭૬૨) ૨૫૮૧૦૬<br>E-mail: gpcb-meh@gujarat.gov.in | ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા |
| ૯. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>૨૦, હૈદરી સોસાયટી, ડીએસપી કચેરી નજીક, ગોધરા જિ. પંચમહાલ ૩૮૯ ૦૦૧<br>ફોન : (૦૨૬૭૨) ૨૪૫૮૬૯, ૨૪૫૯૯૬ ફેક્સ : (૦૨૬૭૨) ૨૪૫૯૯૧<br>E-mail: gpcb-pan@gujarat.gov.in | પંચમહાલ અને દાહોદ |
| ૧૦. | પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ<br>પ્લોટ ૧૧૫૪/૨-બી, ઘોઘા સર્કલ, સરપટણી માર્ગ, ભાવનગર ૩૬૪ ૦૦૪<br>ફોન : (૦૨૭૮) ૨૫૨૪૧૦૮ ફેક્સ : (૦૨૭૮) ૨૫૨૫૮૩૭ E-mail: gpcb-bav@gujarat.gov.in | અમરેલી અને ભાવનગર |

.